# અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 12 ] ગુજરાતીમાં

# Simple Future Tense

## સાદો ભવિષ્ય કાળ

કોઈ ક્રિયા થશે / ક્રિયા નહિ થાય તેવું દર્શાવવા માટે.

સાદો ભવિષ્યકાળ : -

અંગ્રેજીમાં ભવિષ્યકાળ બતાવવા માટે **I** અને **We** સાથે **Shall** ( શેલ ) અને **you , he , she , it** , અને **They** સાથે **will** ( વિલ ) વપરાય છે .

નીચે **to run** ( દોડવું ) ક્રીયાપદના સાદા ભવિષ્યકાળના બધાં રૂપો આપ્યાં છે તે ધ્યાનમાં રાખો :

### પ્રથમ પુરૂષ : -

એકવચન : - **I shall run.**

હું દોડીશ.

બહુવચન : - **We shall run .**

અમે દોડીશું .

### બીજો પુરૂષ : -

એક વચન : - **You will run.**

તું દોડશે

બહુવચન :- **You will run .**

તમે દોડશો .

www.shikshansahitya.in

## ત્રીજો પુરૂષ : -

એક વચન : - **He will run.**

તે દોડશે .

**She ( સ્ત્રી ) will run.**

તે દોડશે .

**It ( નાન્યતર ) will run .**

તે દોડશે .

બહુવચન : - **They will run .**

તેઓ દોડશે.

થઈ ગયેલી ક્રીયા સૂ ચવવા માટે ભૂ તકાળ વપરાય છેકેટલીક ક્રીયાઓ હવે પછીનાં સમયમાં થવાની હોય છે . હવે પછીના સમયમાં એટલે ભવિષ્યમાં બનવાની ક્રીયા માટે સાદો ભવિષ્યકાળ વપરાય છે. નીચેનાં વાક્યો તપાસો : -

( 1 ) હૂઁ આવતી કાલે વહેલો ઉઠીશ.

**I shall get up early tomorrow.**

( 2 ) અમે આવતે મહીને મેચ રમીશું.

**We shall play a match next month .**

( 3 ) તે પરીક્ષામાં નાપાસ થશે .

**He will fail in the examination .**

( 4 ) તમે અહીં આવશો .

**You will come here.**

( 5 ) તેઓ પોતાના મિત્રોને મળશે .

**They will meet their friends.**

ઉપરનાં બંધા વાક્યોમાં ક્રીયાપદો ક્રીયા ભવિષ્યમાં બનનાર છે એવો ભવિષ્યકાળનો અર્થ

www.shikshansahitya.in

www.shikshansahitya.in whatsApp update join 9537116773 add in your group

બતાવે છે. ક્રીયા ભવિષ્યમાં બનનાર હોય ત્યારે સામાન્ય રીતે ક્રીયાપદનો સાદો ભવિષ્યકાળ વપરાય છે.

ભવિષ્યકાળનાં વિધાનવાક્યને પ્રશ્નાર્થક વાક્યમાં ફેરવતી વખતે **shall** કે **will** અને મુખ્ય ક્રીયાપદની વચ્ચે કર્તા મૂક્વામાં આવે છે. નીચેનાં વાક્યો તપાસો :-

( 1 ) તું કાલે આવીશ

**You will come tomorrow.**

શું તું કાલે આવીશ?

**Will you come tomorrow ?**

( 2 ) તમે રાત્રે અહીં રોકાશો.

**You will stay here at night.**

શું તમે રાત્રે અહીં રોકાશો ?

**Will you stay here at night ?**

હવે નીચેનાં વાક્યો તપાસો : -

( 1 ) તમે આ કામ કેવી રીતે કરશો ?

**How will you do this work ?**

( 2 ) તમે અહીં ક્યારે આવશો ?

**When will you come here ?**

( 3 ) ઘંટ કોણ વગાડશે ?

**Who will ring the bell ?**

( 4 ) તે કયા રમશે ?

**Where will he play ?**

( 5 ) તે શું ખાશે ?

**What will he eat ?**

આ પ્રકારના પ્રશ્નાર્થક વાક્યોમાં શરૂઆતમાં **How** , **when** , **where** કે **what** પ્રશ્નાર્થસૂચક

www.shikshansahitya.in

http://examimp.blogspot.in

શબ્દ મૂકવામાં આવે છે ત્યાર પછી **will** કે **shall** સહાયકારક ક્રીયાપદ અને મુખ્ય ક્રીયાપદના to વગરનાં મૂળ રૂપની વચ્ચે કર્તા આવેછે.પરંતુ **who** થી શરૂ થતા પ્રશ્નાર્થક વાક્યમાં **who** પછી તરત જ સહાયકારક ક્રીયાપદ અને મુખ્ય ક્રીયાપદનું મૂળ રૂપ આવે છે.

નકારાત્મક વાક્યો : -

( 1 ) અમે ત્યાં રોકાશુ.
we shall stay there.

અમે ત્યાં રોકાશુ નહીં
We shall not stay there.

( 2 ) તે પરીક્ષામાં નાપાસ થશે .
He will fail in the examination.

તે પરીક્ષામાં નાપાસ થશે નહીં .
He will not fail in the examination .

ભવિષ્યકાળનાં નકારાત્મક વાક્યો બનાવવા માટે **shall** કે **will** અને મુખ્ય ક્રીયાપદની વચ્ચે **not** મૂકવામાં આવે છે.

( 1 ) છોકરો કાલે ક્રીકેટ રમશે.
A boy will play cricket tomorrow.

( 2 ) બિલાડી ઊંદર પકડશે.
The cat will catch a rat.

( 3 ) તે કપડા ધોશે.
She will wash clothes .

( 4 ) તે કાલે ચાર કીલોમીટર ચાલશે.
He will walk four kilometers tomorrow .

www.shikshansahitya.in

( 5 ) સ્ટેશને કોણ જશે ?

**Who will go to the station ?**

( 6 ) તે કયા જશે ?

**Where will he go ?**

( 7 ) તે ત્યાં જશે નહીં.

**He will not go there.**

( 8 ) તમે ત્યાં જશો નહીં .

**You will not go there .**

www.shikshansahitya.in

www.shikshansahitya.in